# 11 ધંધાની સામાજિક જવાબદારી
## (Social Responsibility of Business)

**પરિચય :**

**કંપનીલક્ષી સામાજિક જવાબદારી :** કંપનીની આર્થિક વિકાસ માટેની કર્મચારી અને તેના પરિવાર માટેના જીવનધોરણની ગુણવત્તામાં સુધારા માટેની સ્થાનિક સમુદાયો અને સમાજ પ્રત્યેની નૈતિક પ્રતિબદ્ધતા એટલે કંપનીલક્ષી સામાજિક જવાબદારી.

**સામાજિક જવાબદારીની વ્યાખ્યા :** કોઈપણ ધંધાકીય એકમના ઉદ્‌ભવ અને વિકાસમાં સમાજનાં જુદાં જુદાં અંગો અને સંસ્થાઓએ જે સેવાઓ અને યોગદાન આપેલ છે તેના ઉત્તરદાયિત્વરૂપે ધંધાની સમાજ પ્રત્યે ઋણ અદા કરવાની જે ફરજો ઉદ્‌ભવે છે તેને ધંધાની સામાજિક જવાબદારી કહે છે.

**ધંધા સાથે હિત ધરાવતા જૂથો પ્રત્યે સામાજિક જવાબદારી : (I) આંતરિક હિત સમૂહો**

**માલિક પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) નિર્ણય-પ્રક્રિયામાં ભાગીદારી (2) મૂડીની સલામતી અને વૃદ્ધિ (3) હિતોનું રક્ષણ (4) વિકાસમાં પ્રાધાન્ય.

**રોકાણકાર પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) વળતરની સમયસર ચૂકવણી (2) રોકાણકારોને જરૂરી માહિતી પૂરી પાડવી (3) રોકાણકારના રોકાણના મૂલ્યમાં વધારો (4) નાણાંની સુરક્ષા (5) સૂચનોની આવકાર્યતા.

**કર્મચારી પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) કર્મચારીના જીવનધોરણની જાળવણી (2) કામગીરી માટે યોગ્ય વાતાવરણ અને સુવિધાઓ પૂરી પાડવી (3) કર્મચારીને સામાજિક સલામતી પૂરી પાડવી (4) કર્મચારી સંગઠનને માન્યતા આપવી (5) ઉચ્ચ સંચાલકોનું સમાધાનકારી વલણ (6) કર્મચારીને અભિપ્રેરણ (7) અન્ય જવાબદારીઓ.

**(II) બાહ્ય હિત સમૂહો**

**ગ્રાહક પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) યોગ્ય ગુણવત્તાવાળી ચીજવસ્તુ કે સેવાનું વેચાણ (2) વાજબી કિંમત (3) બજારમાં પુરવઠાનું સાતત્ય જાળવવું (4) ગેરમાર્ગે દોરતી જાહેરાતો ન આપવી (5) વેચાણ પછીની સેવાઓ.

**પુરવઠો પૂરો પાડનાર પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) પુરવઠા અંગે અગાઉથી જાણ (2) ગુણવત્તા અને કૌશલ્યની સ્પષ્ટતા (3) સમયસર ચૂકવણી .

**સરકાર પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) કાયદાનું પાલન કરવું (2) પ્રામાણિકતાપૂર્વક કરવેરા ભરવા (3) સરકારના કાર્યક્રમોના અમલમાં ભાગીદારી (4) ઔદ્યોગિક નીતિના અમલમાં મદદરૂપ થવું.

**સમાજ પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારી :** (1) પર્યાવરણનું જતન કરવું (2) રાષ્ટ્રીય વિકાસનાં કાર્યમાં ફાળો (3) સંશોધનને મહત્ત્વ આપવું (4) કટોકટી કે આફતનાં સમયમાં જવાબદારી નિભાવવી (5) સામાજિક-સાંસ્કૃતિક વારસાનું સંવર્ધન (6) સમાજ-ઉત્થાનમાં સહભાગી (7) રોજગારીની તકોનું નિર્માણ કરવું (7) માનવહકોની જાળવણી.

**ધંધાકીય એકમ અને પર્યાવરણની જાળવણી :** સામાજિક જવાબદારીના ભાગ સ્વરૂપે ધંધાકીય એકમે પર્યાવરણની જાળવણીને જુદાં જુદાં ચાર ક્ષેત્રોને ધ્યાનમાં રાખીને પોતાનો કારોબાર કરવો જોઈએ.

(1) જમીન અને જંગલની જાળવણી (2) જળસંપત્તિની જાળવણી (3) હવા અને વિવિધ વાયુની જાળવણી (4) અવાજના પ્રદૂષણને અટકાવવું.

**ધંધાકીય નીતિમત્તા :** વર્તણૂક અને ચારિત્ર્ય અંગેના સર્વસ્વીકૃત સિદ્ધાંતો અને પ્રમાણભૂત ધોરણોનો સમૂહ એટલે ધંધાકીય નીતિમત્તા.

**ધંધાકીય નીતિમત્તાનાં તત્ત્વો :** નીતિમત્તાપૂર્ણ વર્તણૂક એ ધંધા અને સમાજ બંને માટે સારી બાબત છે. એકમના રોજબરોજના વ્યવહારોમાં મૂલ્યો અને નીતિમત્તાનું તત્ત્વ હોય તો જ સમગ્ર એકમમાં યોગ્ય વાતાવરણ ઊભું થઈ શકે. ધંધામાં નીતિમત્તાનાં કેટલાંક તત્ત્વો નીચે મુજબ છે :

(1) ઉચ્ચ સંચાલકમંડળની પ્રતિબદ્ધતા (2) માર્ગદર્શક નિયમોનું પ્રકાશન (3) માળખાકીય રચના કરવી (4) નિર્ણયોમાં ભાગીદારી (5) પરિણામોનું મૂલ્યાંકન.

## વિભાગ A

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખોઃ**

1. કંપનીલક્ષી સામાજિક જવાબદારીનો ખ્યાલ સૌપ્રથમ કોણે આપ્યો?

(a) જ્યોર્જ ટેરી (b) એચ. આર. બોવેન (c) હેનરી ફેયોલ (d) ફ્રેડરીક ટેલર

2. કંપનીલક્ષી સામાજિક જવાબદારીનો ખ્યાલ ક્યા દેશમાં સૌ પ્રથમ રજૂ કરવામાં આવ્યો?

(a) ભારત (b) યુ. એસ. એ. (c) કૅનેડા (d) ઇંગ્લૅન્ડ

3. કંપની ધારો નવા સ્વરૂપમાં ક્યારે અસ્તિત્વમાં આવ્યો?

(a) 1956 (b) 2001 (c) 2013 (d) 2016

4. વર્ષ 2013માં કંપનીધારાની કઈ કલમ મુજબ સામાજિક જવાબદારીનો ખ્યાલ ફરજિયાત બનાવેલ છે?

(a) 103 (b) 205 (c) 153 (d) 135

5. કંપનીલક્ષી સામાજિક જવાબદારીનો ખ્યાલ યુ.એસ.એ.માં ક્યારે રજૂ કરવામાં આવ્યો હતો?

(a) 1973 (b) 1963 (c) 2011 (d) 2015

6. ઉત્પાદકોએ કેવી જાહેરાત આપવી જોઈએ નહિ?

(a) સંગીતવાળી (b) સંગીત વગરની (c) ભ્રામક (d) ટૂંકી

7. ધંધાની સામાજિક જવાબદારી કેટલા સ્તરમાં વહેંચવામાં આવી છે?

(a) બે (b) ત્રણ (c) ચાર (d) પાંચ

8. કર્મચારી સંગઠનોને માન્યતા આપવી એ ધંધાકીય એકમ માટે કઈ જવાબદારી કહેવાય?

(a) સ્વૈચ્છિક જવાબદારી (b) સામાજિક જવાબદારી (c) રાજકીય જવાબદારી (d) પ્રત્યક્ષ જવાબદારી

9. કંપની ધારા 2013 પ્રમાણે સામાજિક જવાબદારી એ ધંધાની કેવા પ્રકારની જવાબદારી છે?

(a) કાયદેસરની (b) નૈતિક (c) ફરજિયાત (d) મરજિયાત

10. જે એકમને સામાજિક જવાબદારીની જોગવાઈ લાગુ પડે છે તેનું વાર્ષિક ટર્નઓવર કેટલું હોવું જોઈએ?

(a) 500 કરોડથી વધુ (b) 50 કરોડથી વધુ (c) 100 કરોડથી વધુ (d) 1000 કરોડથી વધુ

11. જે કંપનીને સામાજિક જવાબદારી લાગુ પડે છે તેને નાણાંકીય વર્ષની અગાઉના કેટલાં વર્ષનો સરેરાશ નફો ધ્યાનમાં લેવામાં આવે છે?

(a) બે વર્ષનો (b) ત્રણ વર્ષનો (c) ચાર વર્ષનો (d) પાંચ વર્ષનો

12. જે કંપનીને સામાજિક જવાબદારી લાગુ પડે છે તેણે સરેરાશ નફાના કેટલા ટકા રકમ ફરજિયાત ખર્ચવી પડે છે?

(a) ઓછામાં ઓછા 2% (b) ઓછામાં ઓછા 3% (c) ઓછામાં ઓછા 4% (d) ઓછામાં ઓછા 5%

13. કંપની ધારા 2013 મુજબ કાયદા મંત્રાલયે કંપનીઓને કેવા નાગરિક બનવા પર ભાર મૂક્યો છે?

(a) ઉત્તમ (b) ધાર્મિક (c) રાષ્ટ્રિય (d) સામાજિક

14. સામાજિક જવાબદારી લાગુ પડતી હોય તેવી કંપનીએ સંચાલક મંડળના કેટલા સભ્યોની સામાજિક જવાબદારી સમિતિ બનાવવી જોઈએ?

(a) ત્રણ થી વધુ (b) ચાર થી વધુ (c) પાંચ થી વધુ (d) બે થી વધુ

15. ધંધાકીય એકમ સાથે સંકળાયેલા નીચેનામાંથી કોણ આંતરિક હિત ધરાવતા નથી?

(a) કર્મચારી (b) માલિક (c) રોકાણકારો (d) ગ્રાહકો

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ આપો:**

1. ધંધો એ સમાજનું કેવું અંગ છે?

2. કંપનીલક્ષી સામાજિક જવાબદારીનો ખ્યાલ ક્યારે આપવામાં આવ્યો?

3. કંપની ધારા 2013 મુજબ કંપનીલક્ષી સામાજિક જવાબદારીની કલમ જણાવો.

4. કંપની ધારા 2013ની કલમ 135 મુજબ કંપનીનું વાર્ષિક ટર્નઓવર કેટલું હોય તેને સામાજિક જવાબદારી લાગુ પાડી શકાય?

5. ધંધાની સામાજિક જવાબદારીના પ્રકારો જણાવો.

6. ધંધાકીય એકમના આંતરિક હિતસમૂહો જણાવો.

7. ધંધાકીય એકમના બાહ્ય હિતસમૂહો જણાવો.

8. ધંધાકીય નીતિમત્તા એટલે શું?

9. કર્મચારીઓ શા માટે સંગઠનની રચના કરે છે?

**વિભાગ C**

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપોઃ**

1. ધંધાકીય એકમે સામાજિક જવાબદારી શા માટે નિભાવવી જોઈએ?

2. કર્મચારીઓ સંગઠનની રચના કેમ કરે છે?

3. ગ્રાહકોને વેચવામાં આવતી વસ્તુઓ અને સેવાઓમાં ધંધાની સામાજિક જવાબદારી જણાવો.

4. ધંધામાં ઉત્પાદિત થતી વસ્તુઓની જાહેરાતના સંદર્ભમાં ધંધાની સામાજિક જવાબદારી સમજાવો.

5. પુરવઠો પૂરો પાડનારના સંદર્ભમાં ધંધાની સામાજિક જવાબદારી સ્પષ્ટ કરો.

6. ધંધાની સરકાર પ્રત્યેની સામાજિક જવાબદારી લખો.

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપોઃ**

1. ધંધાની સામાજિક જવાબદારીના સ્તરો કેટલા અને કયાં-કયાં છે? તે સમજાવો.

2. 'સામાજિક જવાબદારી ન નિભાવે તે એકમ લાંબો સમય ટકશે નહિ'- વિધાનની યથાર્થતા તપાસો.

3. 'ધંધો કાયદા કરતાં નીતિથી વધુ સુરક્ષિત છે.' - સમજાવો.

4. ધંધાના માલિકો અને રોકાણકારો પ્રત્યેની સામાજિક જવાબદારી સમજાવો.

5. ધંધાની સામાજિક જવાબદારીનો ખ્યાલ સમજાવો.

6. ધંધાની કર્મચારીઓ પ્રત્યેની સામાજિક જવાબદારી જણાવો.

7. ધંધાકીય એકમની પર્યાવરણની જાળવણી બાબતે સામાજિક જવાબદારી સ્પષ્ટ કરો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો:**

1. ધંધા સાથે હિત ધરાવતા જૂથો પ્રત્યેની સામાજિક જવાબદારીઓ સમજાવો.

2. સામાજિક જવાબદારીઓ અંગે કાયદાની જોગવાઈઓ વિગતે સમજાવો.

3. સરકાર પ્રત્યે ધંધાની સામાજિક જવાબદારીઓ વિગતે ચર્ચો.

4. ધંધાકીય નીતિમત્તાના સિદ્ધાંતો વિસ્તારથી સમજાવો.

# નમૂનાનું પ્રશ્નપત્ર
# પ્રથમ પરીક્ષા
## ધોરણ 11
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

**સમય : 2 કલાક** **કુલ ગુણ : 50**

સૂચનાઓઃ (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** વિભાગ અને કુલ **23** પ્રશ્નો છે. બધાજ પ્રશ્નો ફરજિયાત છે.
(2) પ્રશ્નોના ઉત્તર આપેલ સૂચની મુજબ લખોઃ
(3) દરેક વિભાગ સામે ગુણ આપેલા છે.

વિભાગ **A**

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :** ***[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**1.** નીચેનામાંથી કયું લક્ષણ ધંધાનું નથી?

(a) નફાનો હેતુ (c) આર્થિક પ્રવૃત્તિ
(b) તૃષ્ટિગુણનો સર્જક (d) નિશ્ચિત વળતર

**2.** રાષ્ટ્રીય બચતપત્રોનો સમયગાળો કેટલા વર્ષનો હોય છે?

(a) 4 અથવા 11 વર્ષનો (c) 6 અથવા 15 વર્ષનો
(b) 7 અથવા 10 વર્ષનો (d) 5 અથવા 10 વર્ષનો

**3.** બૅન્ક કયા ખાતામાં ન્યૂનતમ સિલક રાખવાની ફરજ પાડી શકે છે?

(a) બચત (c) રીકરિંગ
(b) ચાલુ (d) બાંધી મુદતનું

**4.** ઈલેક્ટ્રૉનિક સાધનો અને માધ્યમોની મદદથી થતો વેપાર એટલે શું ?

(a) ઈન્ટ્રનેટ (c) ઈ-કૉમર્સ
(b) ઈ-મેલ (d) ઈન્ટરનેટ

**5.** શ્રમ વિભાજનનો લાભ કયા ધંધાકીય સ્વરૂપમાં મેળવી શકાતો નથી ?

(a) ભાગીદારી પેયી (c) સહકારી મંડળી
(b) વૈયક્તિક માલિકી (d) હિન્દુ અવિભક્ત કુટુંબ

વિભાગ **B**

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :** ***[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**6.** વૈયક્તિક માલિકીમાં મૂડી કોણ લાવે છે?

**7.** RTGSનું વિસ્તૃતરૂપ લખો.

**8.** બેંક એટલે શું?

**9.** પોસ્ટલ વીમાની સૌથી મોટી ખાસિયત કઈ છે ?

**10.** ધંધો એટલે શું ?

## વિભાગ **C**

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : *[પ્રત્યેકનો 2 ગુણ]*** **10**

**11.** માલની હેરફેરના વીમાના પ્રકારોની યાદી આપો.

**12.** VPPની સમજૂતી આપો.

**13.** ઓવરડ્રાફ્ટ એટલે શું?

**14.** આઉટસોર્સિંનો અર્થ આપો.

**15.** માની લીધેલ ભાગીદાર એટલે શું ?

## વિભાગ **D**

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : *[પ્રત્યેકનો 3 ગુણ]*** **15**

**16.** ભાગીદારી પેઢીનો અર્થ આપી કોઈ પણ ત્રણ લક્ષણોની સમજ આપો.

**17.** જકાતની દૃષ્ટિએ વખારનો પ્રકારો સમજાવો.

**18.** કોર બૅન્કિંગ વિશે સમજૂતિ આપો.

**19.** વ્યવહારોની સલામતિ અને સુરક્ષા વિશે સમજૂતિ આપો.

અથવા

ટૂંક નોંધ લખો : ડિજિટલ કેશ

**20.** વેપારનો અર્થ આપી વેપારના પ્રકારો સમજાવો.

## વિભાગ **E**

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો : *[પ્રત્યેકનો 5 ગુણ]*** **15**

**21.** ધંધાનો અર્થ આપી ધંધાનાં લક્ષણો સમજાવો.

અથવા

વિમાનો અર્થ આપી વિમાના સિદ્ધાંતોની વિસ્તૃત સમજ આપો.

**22.** બૅન્કનાં ખાતાના પ્રકારોની સમજ આપો.

**23.** વૈયક્તિક માલિકી અને ભાગીદારી પેઢી વચ્ચેનો તફાવત લખો.

અથવા

ભાગીદારોના પ્રકારો સમજાવો.

●

# નમૂનાનું પ્રશ્નપત્ર
# દ્વિતીય પરીક્ષા
## ધોરણ 11
## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

**સમય : 2 કલાક** **કુલ ગુણ : 50**

---

સૂચનાઓઃ (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** વિભાગ અને કુલ **23** પ્રશ્નો છે. બધાજ પ્રશ્નો ફરજિયાત છે.

(2) પ્રશ્નોના ઉત્તર આપેલ સૂચના મુજબ લખોઃ

(3) દરેક વિભાગ સામે ગુણ આપેલા છે.

વિભાગ **A**

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :** ***[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**1.** મત્સ્ય ઉદ્યોગ એ કેવા પ્રકારનો ઉદ્યોગ છે?

(a) યાંત્રીક (c) ગૌણ

(b) આનુષાંગિક (d) પ્રાથમિક

**2.** વિશ્વની સૌપ્રથમ બૅન્ક ક્યાં શરૂ થઈ હતી?

(a) ભારત (c) બ્રાઝિલ

(b) જીનીવા (d) સ્વિટ્ઝરલૅન્ડ

**3.** શરાફી ભાગીદારી પેઢીમાં વધુમાં વધુ ભાદીગારો રાખી શકાય?

(a) 5 (c) 10

(b) 20 (d) 50

**4.** આવેદન પત્રની સૌથી મહત્ત્વની કલમ કઈ?

(a) ધ્યેયની (c) નામની

(b) જવાબદારીની (d) સ્થાપનાની

**5.** કઈ દુકાનો જીવન જરૂરિયાતની એક જ વર્ગની મર્યાદિત વસ્તુઓનું વેચાણ કરતી હોય છે?

(a) ટપાલ વ્યવહારી દુકાનો (c) સંકળાયેલી દુકાનો

(b) ખાતાવાળી દુકાનો (d) શોપિંગ મોલ

## વિભાગ B

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો : *[પ્રત્યેકનો 1 ગુણ]*** **5**

**6.** સામાન્ય વીમાનું રાષ્ટ્રીયકરણ ક્યારે કરવામાં આવ્યું હતું?

**7.** NEFTનું વિસ્તૃતરૂપ લખો.

**8.** કંપનીની વ્યાખ્યા લખો.

**9.** ખાનગી ક્ષેત્ર કોને કહેવાય?

**10.** કમપ્યૂટર વ્યવહારોમાં 'વાયરસ' એટલે શું?

## વિભાગ C

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : *[પ્રત્યેકનો 2 ગુણ]*** **10**

**11.** વિમાનો અર્થ આપી વીમાના મુખ્ય પ્રકારો જણાવો.

**12.** વખારનો અર્થ આપી તેના પ્રકારો જણાવો.

**13.** વિશાળ કદનાં એકમો માટે કંપની સ્વરૂપ શા માટે વધુ અનુકુળ છે?

**14.** ખાનગી ક્ષેત્ર પાયાના ઉદ્યોગો સ્થાપવામાં ઓછો રસ કેમ દાખવતા હોય છે?

**15.** ફ્રેન્ચાઈઝ એટલે શું ?

## વિભાગ D

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો : *[પ્રત્યેકનો 3 ગુણ]*** **15**

**16.** વાણિજ્યનાં લક્ષણો જણાવો.

**17.** વૈયક્તિક માલિકીને કઈરીતે ધંધાની તાલીમશાળા કહે છે?

અથવા

હિન્દુ અવિભક્ત કુટુંબનો અર્થ આપી કોઈ પણ ત્રણ લક્ષણો જણાવો.

**18.** ખાતાકીય સંચાલન અને સરકારી કંપની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**19.** ખાતાવાળી દુકાનો અને સંકળાયેલી દુકાનો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**20.** સહકારી મંડળીના કોઈ પણ ત્રણ ફાયદા સમજાવો.

## વિભાગ E

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો : *[પ્રત્યેકનો 5 ગુણ]*** **15**

**21.** વૈયક્તિક માલિકી અને ભાગીદારી પેઢી વચ્ચેનો તફાવત લખો.

અથવા

કંપનીના ફાયદા સમજાવો.

**22.** ખાનગી ક્ષેત્ર એટલે શું? તેની લાક્ષણિકતાઓ સમજાવો.

**23.** ધંધાકીય એકમમાં નાણાંનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

અથવા

નફાનું પુનઃ રોકાણ એટલે શું? તેના ફાયદા સમજાવો.

●

# નમૂનાનું પ્રશ્નપત્ર

# વાર્ષિક પરીક્ષા

## ધોરણ - 11

## વિષય : વાણિજ્ય વ્યવસ્થા અને સંચાલન

**સમય : 3 કલાક** **કુલ ગુણ : 80**

---

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ **પાંચ** વિભાગ અને કુલ **40** પ્રશ્નો છે. બધાજ પ્રશ્નો ફરજિયાત છે.

(2) પ્રશ્નોના ઉત્તર આપેલ સૂચના મુજબ લખો.

(3) દરેક વિભાગ સામે ગુણ આપેલા છે.

વિભાગ - **A**

**નીચેના પ્રશ્નોના જવાબનો સાચો વિકલ્પ પસંદ કરી લખો :** ***[પ્રત્યેકનો 1 ગુણ]*** **10**

**1.** ધંધાનું પ્રેરક બળ કયું છે?

(a) ખોટ (b) નફો

(c) સેવા (d) બોનસ

**2.** નીચેનામાંથી કયો સિદ્ધાંત જિંદગીના વીમામાં લાગુ પડે છે?

(a) સંપૂર્ણ ભરોસાનો સિદ્ધાંત (b) હક બદલાનો સિદ્ધાંત

(c) નુકશાન વળતરનો સિદ્ધાંત (d) હેરફેરનો સિદ્ધાંત

**3.** IFSC કોડ કોણ ફાળવે છે?

(a) IDBI (b) RTGS

(c) IDBT (d) NEET

**4.** કમ્પ્યૂટર સિસ્ટમને સલામત રાખવા શું ઉપયોગી છે?

(a) વેબકેમ (b) બારકોડ

(c) સ્કેનર (d) એન્ટિવાયરસ

**5.** ભારતીય ભાગીદારી કાયદો ક્યારે અસ્તિત્વમાં આવ્યો?

(a) 1956 (b) 2013

(c) 1961 (d) 1932

**6.** ભારતીય રેલવેએ જાહેરક્ષેત્રના સંચાલનનું ક્યું સ્વરૂપ છે?

(a) મિશ્ર સંચાલન (b) ખાતીકીય સંચાલન

(c) સરકારી કંપની (d) જાહેર નિગમ

**7.** જાહેર થાપણોએ કેપની માટે શું છે?

(a) લેણું (b) કાયમી મૂડી

(c) દેવું (d) લાંબા ગાળાની મૂડી

**8.** કઈ દુકાનો મહદ અંશે વજનમાં હલકી, ટકાઉ અને કિંમતી વસ્તુઓનું વેચાણ કરે છે?

(a) સંકળાયેલી દુકાનો (b) શોપિંગ મોલ

(c) ખાતાવાળી દુકાનો (d) ટપાલ વ્યવહારી દુકાનો

**9.** ઉત્પાદકોએ કેવી જાહેરાત આપવી જોઈએ નહિ?

(a) ભ્રામક (b) સંગીતવાળી

(c) સંગીત વગરની (d) ટૂંકી

**10.** કંપની લક્ષી સામાજિક જવાબદારીનો ખ્યાલ સૌપ્રથમ કોણે આપ્યો?

(a) જ્યોજ ટેરી (b) એચ. આર. બોવેન

(c) હેનરી ફેયોલ (d) ફ્રેડરીક ટેલર

વિભાગ **B**

**નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો :** ***[પ્રત્યેકનો 1 ગુણ]*** **10**

**11.** આર્થિક પ્રવૃત્તિનાં બે ઉદાહરણ આપો.

**12.** કઈ વખારને વિશિષ્ટ વખાર કહે છે?

**13.** ભારતમાં ચલણી નોટ બહાર પાડવાનું કાર્ય કોના દ્વારા થાય છે?

**14.** RBIના નિયમ પ્રમાણે KYC માટે કયા પુરાવા જરૂરી છે?

**15.** ગ્લોબલ વેન એટલે શું?

**16.** ઈ-કૉમર્સમાં કયાં માધ્યમોનો ઉપયોગ થાય છે.

**17.** સંયુક્ત સાહસ એટલે શું?

**18.** વિદેશ વેપારની બે સમસ્યાઓ જણાવો.

**19.** જાહેર ઉપયોગિતા કઈ સેવાઓ પૂરી પાડે છે.

**20.** ધંધાઓ સમાજનું કેવું અંગ છે?

વિભાગ - **C**

**નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો :** ***[પ્રત્યેકનો 2 ગુણ]*** **16**

**21.** વેપારની સહાયક સેવાઓ જણાવો.

અથવા

ધંધોએ સતત ચાલતી પ્રક્રિયા છે? સમજાવો.

**22.** આંતર બેન્કિંગ વ્યવહારો એટલે શું?

**23.** માની લીધેલ ભાગીદાર એટલે શું?

**24.** સમજાવો - કંપની લાબું આયુષ્ય ધરાવે છે.

**25.** જાહેર સાહસો સ્થાપવા પાછળના હેતુઓ કયા હોઈ શકે છે?

અથવા

ઔદ્યોગિક સાહસો જોડાણ શા માટે કરે છે?

**26.** વેપારી શાખ કોને કહે છે?

**27.** છૂટક વેપારી વેચાણ પછીની કઈ-કઈ સેવાઓ પૂરી પાડે છે.

**28.** વેપારી એલચીનું ભરતિયું એટલે શું?

વિભાગ **D**

**નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ આપો :** ***[પ્રત્યેકનો 3 ગુણ]*** **24**

**29.** રોજગારનો અર્થ આપી રોજગારનાં લક્ષણો સ્પષ્ટ કરો.

**30.** જમીન માર્ગ અને જળમાર્ગ વચ્ચેનો તફાવત આપો.

**31.** જકાતની દૃષ્ટિએ વખારનાં પ્રકારો સમજાવો.

**32.** મોબાઈલ બેન્કિંગ - ટૂંક નોંધ લખો.

**33.** વ્યવહારોની સલામતી અને સુરક્ષા વિશે સમજૂતી આપો.

અથવા

માહિતી સંચારની પ્રક્રિયાનાં સોપાનો કે તબક્કાઓ સમજાવો.

**34.** ખાતાકીય સંચાલન અને સરકારી કંપની વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**35.** ખાતાવાળી દુકાનો અને સંકળાયેલી દુકાનો વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

અથવા

છૂટક વેપારી જથ્થાબંધ વેપારી વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**36.** ધંધાની કર્મચારીઓ પ્રત્યેની સામાજિક જવાબદારી જણાવો.

**વિભાગ E**

**નીચેના પ્રશ્નોના વિસ્તારપૂર્વક જવાબ આપો :** *[પ્રત્યેકનો 5 ગુણ]* **20**

**37.** ભાગીદારી પેઢીની મર્યાદાઓ સમજાવો.

અથવા

ભાગીદારી કરારનામું એટલે શું? કરારનામામાં કઈ વિગતોનો સમાવેશ થાય છે?

**38.** કંપનીના ફાયદાઓ સમજાવો.

**39.** ઈક્વિટી શૅર અને પ્રેફરન્સ શૅર વચ્ચેનો તફાવત સમજાવો.

અથવા

ડિબેંન્ચરની લાક્ષણિકતાઓ સમજાવો.

**40.** આંતરરાષ્ટ્રીય વેપારનું મહત્ત્વ સમજાવો.

• • •